# SpNrs kvi

કુલ પાના : ૩૨

કિંમત : રૂા. ૫.૦૦

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૬૨ – જૂન – ૨૦૧૩




કોઈ સંતાનોને સમજાવો...

મા (માતૃભાષા)ને ઉપેક્ષા ન ભાવે

તેને ઓછું ઓછું આવે...



# परिवार गीत

जीस देश में जीस देश में परीवेश में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

जीस गाम में जीस धाम में जीस काम में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

जैन जागृति सद प्रवृत्ती जीन भक्ती में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

सद्‌भावना शुभकामना सत्‌संग में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

जैन जागृति परिवार में परमार्थ में रहो
अरिहंत नमो अरिहंत नमो अरिहंत नमो नमो

भगवान महावीर की कृपा सभी पर बरसती रहे

**Every Day**
**May Not Be Good**
**But There Is**
**Always**
**Something Good**
**In**
**Every Day**
**From**

**जैन जागृति सेन्टर - मुंबई**

ADVT

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



**કૅબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી પ્રવીણ એ. શાહ |

શ્રી રમેશ એમ. સંઘવી

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

જોતજોતામાં વૅકેશન પતી ગયું. કોઈ વતનમાં, તો કોઈ મોસાળમાં, કોઈ દેશમાં તો કોઈ પરદેશમાં ફરવા જઈ આવ્યા હશે... ભાગ્યે જ કોઈ બાકી હશે કે ક્યાંય ન ગયા હોય! વૅકેશનમાં માણેલી મજા, કરેલાં મસ્તી-તોફાન સ્મૃતિપટ પર કાયમ અંકિત થઈ જાય છે. મોટી ઉંમરે તેને Replay કરીને, સ્મૃતિમાંથી એક પછી એક પડ ઉખેળીને જે આનંદ આવે તેનો અનુભવ દરેકને હોય છે.

આ વર્ષે વૅકેશન દરમિયાન સૂર્યદેવનો મિજાજ કાંઈ ઑર જ હતો. આવા સમયે કાળઝાળ ગરમીમાં ક્યાંય ફરવાની મજા ન આવે. ફક્ત હિલ સ્ટેશનનો જ આશરો! પણ તે માણસોથી એટલા ઊભરાય કે બે-ચાર દિવસો તો બહુ થઈ ગયા. રાજસ્થાન-સૌરાષ્ટ્ર-કચ્છ-એમ.પી. કે વિદર્ભ ક્યાંય જવાય નહીં ત્યારે પ્રશ્ન થાય છે કે સરકારે લાંબી વૅકેશન ઉનાળામાં જ કેમ આપી? ઘરમાં હોત તો સાત-આઠ કલાક સ્કૂલમાં છાંયડે/હવે A.C.માં બેસી ભણી લેત અને દિવાળી વૅકેશનમાં લાંબી વૅકેશન આપી હોત તો ત્યારે ફરવાની કેવી મજા આવત! આવું કોણે નક્કી કર્યું? વાત એમ છે કે આપણા પર ૧૫૦ વર્ષ રાજ કરનારા ઇંગ્લૅન્ડથી આવેલા ગોરાઓને આપણો ઉનાળો સહેવાય નહીં તેથી ઉનાળો આવતાં પહેલાં જ તેઓ બિસ્તરા-પોટલા બાંધી સ્વદેશ જતા રહેતા. બે મહિના બાદ આવતા. તે દરમિયાન ભારતમાં ૪૫ દિવસની વૅકેશન! શાળા તો બંધ, પણ કોર્ટ-કચેરી પણ બંધ! કમનસીબી એ છે કે સ્વતંત્ર થયા પછી પણ આપણે તે પ્રથાને વળગી રહ્યા. ફેરફાર કરવો જોઈતો હતો, પણ કાંઈ જ કર્યું નહીં. આગે સે ચલી આતી હૈ. વચ્ચે ૧૦ વર્ષ પહેલાં કાંઈક ચળવળ ચાલેલી, પણ પછી એ પણ અભેરાઈ ઉપર! આપણે ઍજ્યુકેશન પ્રધાનને વિનંતી કરીએ કે પ્રજાનું કાંઈક સાંભળો!

મુંબઈમાં બહુ ગાજેલો ઈસ્યૂ LBT તો હમણાં શાંત છે. વેપારીઓ માટે તો સળગતો પ્રશ્ન હતો / છે, પણ સામાન્ય પ્રજાને પણ તેનાથી ખોટી અસર થવાની. વેપારીઓ LBTથી ઊભો થતો ભાર કાંઈ પોતાને શિરે રાખવાના નથી. એ તો પબ્લિક પાસેથી જ વસૂલ કરવાના. સરવાળે ચીજવસ્તુ મોંઘી થવાની. આથી એમ કહી શકાય કે સંપૂર્ણ પ્રજા માટેનો આ પ્રશ્ન હતો, પણ અફસોસ સાથે ઉલ્લેખ કરવો પડે કે આવા અગત્યના ઈસ્યૂને પણ મીડિયાએ મહત્ત્વ ન આપ્યું, કવરેજ ન આપ્યું. તેમાંય ઈંગ્લિશ મીડિયાએ તો હદ કરી. LBTની ચળવળને એકદમ Neglect કરી. જોકે, ઈંગ્લિશ મીડિયા પાસેથી પ્રજાલક્ષી કવરેજની આશા વ્યર્થ છે, કારણ સ્વતંત્રતાની ચળવળ સમયે પણ

તેમણે ઓરમાયું વર્તન જ દાખવેલું. પૂરા વિશ્વનું ધ્યાન દોરનાર દાંડીકૂચના સત્યાગ્રહને ભારતનાં ઇંગ્લિશ છાપાંએ તો બિલકુલ મહત્ત્વ ન આપ્યું તે જાણીતી હકીકત છે. તેમને કોણ સમજાવે કે પ્રજાલક્ષી બનો. ભગવાન તેમને સદ્‌બુદ્ધિ આપે!

ગત અંકમાં આપણે Indo-China સંબંધોની ખેવના કરેલી અને ચીનના ઈરાદા વિશે શંકા સેવેલી, કારણ આપણને અનુભવ થઈ ગયો છે. ચીનના વડા પ્રધાન ચાઉ-એન-લાઈ દિલ્હીમાં આવી નહેરુ સાથે બેસી હિંદી-ચીની ભાઈભાઈનું ભજન ગાતા હતા ત્યારે NEFAમાં જશવંતસિંહ જેવા કેટલાય બહાદુર સૈનિકો શહીદ થતા જતા હતા. ઠીક છે, અત્યારે ચીનને આપણી સાથે વ્યાપાર કરવો છે. ચીન માટે ભારત એક વિશાળ માર્કેટ છે તેથી અડપલાં કરીને શાંત થઈ જશે, પણ ચેતતા નર સદા સુખી! હાલના ચીનના વડા પ્રધાન જરા ભલા દેખાય છે! આશા રાખીએ કે આપણી મૈત્રી ફળેફૂલે...!!

જેજેસીનો હાયર ઍજ્યુકેશન પ્રોજેક્ટ આજે જેજેસીનો સરતાજ પ્રોજેક્ટ બની ગયો છે એ આપણે જ નહીં, પણ જૈન અને જૈનેતરની બીજી સંસ્થાઓ પણ કબૂલ કરે છે. બહારથી આર્થિક રીતે હૃષ્ટપુષ્ટ દેખાતો જૈન સમાજ અંદરખાને નબળો પડી ગયો છે – તેની પ્રતીતિ તો અમે જ્યારે વિદ્યાર્થીઓ અને તેમના વડીલો સાથે બેસીએ છીએ ત્યારે થાય છે. રાજકારણીઓએ શિક્ષણનું વ્યાપારીકરણ કરતા શિક્ષણ મોંઘું થઈ ગયું જે આપણા મધ્યમ વર્ગના જૈનોને પરવડી શકે નહીં.

બીજી તરફ વૈશ્વિકીકરણ થતા આપણા વારસાગત ધંધા ખોરવાતા જાય છે. ત્રીજી તરફ સરકારની ભેદભાવવાળી નીતિને લઈને આપણી લીટી અન્ય સમાજની લીટી કરતાં નાની થતી જાય છે ત્યારે જૈન સમાજની હાલાકી વધતી જાય છે. Below Categaryના કામ કે ધંધા આપણે ક્યારેય કરી શકવાના નથી. ત્યારે બચવા માટે Higher Education is the only way. ગણતર એટલે કે Wisdom એ આપણા જૈનોમાં જન્મજાત સંસ્કરણ છે, પણ ભણતર વિના ગણતરની કોઈ કિંમત આજે નથી – તે એકડા વિનાના મીંડા સમાન છે.

આજે પાંચમા આરાની શરૂઆતમાં-કલિયુગના સમયમાં જ્યારે બધાં જ માનવીય મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે ત્યારે પૈસો મારો પરમેશ્વરનો ઝડપથી ઉદય થઈ રહ્યો છે અને જીવવા માટે પૈસા-ધનનું ઉપાર્જન બહુ જરૂરી થઈ ગયું છે. આજની શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થીઓને મહદ્‌અંશે પૈસો કમાવી લેવાની (By Hook or Crook) કરામત શીખવાડે છે. ભવિષ્યમાં પૈસા (ધન) વિનાનો માણસ શુદ્ર જાતિમાં ફેરવાઈ જશે. તેને શુદ્ર જેવાં કાર્યો કરવા પડશે. એક ડહાપણ (Wisdom)વાળા સમાજ માટે દરેકની સંયુક્ત ફરજ બની જાય છે કે આવનારી પેઢીનાં દરેક સંતાનો પૂરતું શિક્ષણ પામે. આપણો ધર્મ પણ આપણને એ જ શીખવાડે છે.

આજથી પચાસેક વર્ષ પહેલાંના સમયમાં જ્યારે શિક્ષણ અને અનુભવ લેવા પૈસાની જરૂર ન હતી ત્યારે જૈન શ્રેષ્ઠીઓએ ધાર્મિક સંસ્થાનો ઊભાં કરવા-સ્થાપવા પુષ્કળ ધન વાપર્યું છે, પણ આજે શિક્ષણ નામનું એક નવું પરિમાણ ઉમેરાઈ ગયું છે ત્યારે બાળકોને મોંઘેરું ઊંચું શિક્ષણ આપવું અને એ માટે વ્યવસ્થા કરવી પરમધર્મ બની ગયો છે તેવું સાધુ-સંતોને પણ સમજાઈ ગયું છે અને તે તરફ તેમના પ્રયત્નો શરૂ પણ થઈ ગયા છે. તેથી જ તેઓ પણ આપણા જેજેસીના શિક્ષણ અભિયાનને આશીર્વાદ આપી અનુમોદિત કરી રહ્યા છે.

હજારો વર્ષથી જૈનોના જીનમાં જ અંકિત થયેલો દાતારીનો જન્મજાત ગુણધર્મ વિશ્વવિખ્યાત છે. આ અભિયાનને આપણા શ્રેષ્ઠીઓ અભૂતપૂર્વ પ્રતિસાદ આપી રહ્યા છે. અનુદાનનો પ્રવાહ અસ્ખલિતપણે ચાલુ છે એ પ્રોત્સાહક-આનંદની વાત છે, પણ... અમારો આગ્રહ એક જ છે કે આપણા જેજેસી પરિવારના દરેક સભ્ય યથાશક્તિ ફાળો આ અભિયાનમાં આપે જ. પબ્લિક લિમિટેડ કંપનીમાં બધા જ શૅરહોલ્ડરને ડિવિડન્ડ મળે તેમ આપણા પરિવારના ૬૪,૦૦૦ સભ્યો છે. જેજેસી ઉપાર્જિત પુણ્યરૂપી ડિવિડન્ડનો લાભ દરેકને મળવો જોઈએ તેથી જ સેન્ટ્રલ બોર્ડ ભાવપૂર્વક દરેક સભ્યને વિનંતી કરે છે કે છેવટે ફૂલની પાંખડીરૂપે પણ તમારો ફાળો જરૂરથી આપો. મારી એવી અભિલાષા છે કે આપણા પરિવારના દરેક સેન્ટરનું નામ Donerના લિસ્ટમાં આવવું જોઈએ.

ભારતભરનાં બધાં જ જૈન જાગૃતિ સેન્ટરોની શુભેચ્છા-મુલાકાતનો અમારો દોર ચાલુ છે. તાજેતરમાં ૮ અને ૯ જૂન દરમિયાન સેન્ટ્રલ બોર્ડમાંથી હું અને પ્રફુલ્લ કામદાર (સેક્રેટરી જનરલ), રાજેશ ભણશાલી (ટ્રેઝરર)એ ભાવનગરથી રાજકોટના રૂટ ઉપર આવેલાં ૧૩ સેન્ટરની મુલાકાત લીધી. અમારી સાથે શ્રી કીર્તિભાઈ સખપરા અને એરિયા કૉઑર્ડિનેટર શ્રી વિજય મહેતા હતા. મુલાકાત દરમિયાન દરેક સેન્ટરની કમિટી સાથે મુક્ત વાતાવરણમાં ચર્ચા-વિચારણા થઈ. અમને જણાયું કે દરેક સેન્ટરમાં ગજબ ઉત્સાહ છે. બધા જ Positive Attitudeથી બહુ જ સરસ કાર્ય કરી રહ્યા છે. મને અનુભૂતિ થાય છે કે બધા જૈનોને એક છત્ર નીચે લાવી મજબૂત સંગઠન બનાવવાના આપણા ધ્યેયને સફળતા મળી રહી છે. દરેક સેન્ટરની

સૌરભ સામાજિક કાર્યક્રમો થકી સમાજમાં મઘમઘી ઊઠી છે.

ભાવનગર સેન્ટર વર્ષોથી સમાજની જરૂરિયાત એવું સગપણ માહિતી કેન્દ્ર સફળતાપૂર્વક ચલાવે છે. તે જ પ્રકારે જેજેસી-સુરેન્દ્રનગર અને મુંબઈમાં જેજેસી-કાંદિવલી સેન્ટર આ જ પ્રકારનો કાયમી પ્રોજેક્ટ ચલાવે છે. આવા પ્રોજેક્ટ થકી સમાજને બહુ જ લાભ થાય છે. અમારી મુલાકાત દરમિયાન ભાવનગર અને બોટાદ સેન્ટરે જેજેસીને એક એક નવા સેન્ટર આપવાનું વચન આપ્યું છે. આ રીતે આપણાં દરેક સેન્ટર કાર્યરત બને અને સેન્ટ્રલ બોર્ડને એક એક નવા સેન્ટરની ભેટ આપે તો આપણાં સમાજલક્ષી કાર્યોનો વ્યાપ વધે અને બહુધા જૈન સમાજને આવરી લેવાય તો દરેક સેન્ટરના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેઓના વગના-લાગતાવળગતા વિસ્તારોમાં સેન્ટરો સ્થાપવામાં અમને મદદ કરે.

ઉચ્ચ શિક્ષણ અભિયાન-૨૦૧૩નો ઉપક્રમ ચાલુ થઈ ગયો છે. જરૂરી ફોર્મ On Line ઉપલબ્ધ છે. બધી જરૂરી સૂચના અને જરૂરિયાતનું લિસ્ટ પણ On Line ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વિનંતી કે સમયસર તેનો લાભ લે.

દરમિયાન ચોતરફથી સારા વરસાદના સમાચાર આવી રહ્યા છે. મહારાષ્ટ્ર, મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ દરેક જગ્યાએ અત્યારે તો સંતોષકારક વરસાદ થઈ રહ્યો છે. દરેક જગ્યાએ વાવણી થઈ રહી છે. આશા રાખીએ અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે વર્ષ 'સવા રૂપિયો' ફળે. એ જો કે, પૂંછડિયા બૅટ્સમૅન (વર્ષાઋતુના છેલ્લા દિવસો) કેવો સ્કોર કરે છે તે જોવાનું!

આ લખું છું ત્યારે ૧૨મા ધોરણનું પરિણામ આવી ગયું છે અને એસ.એસ.સી.નું આવી રહ્યું છે. આશા રાખું છું કે દરેક વિદ્યાર્થીઓની મહેનત ફળી હશે. તેઓ તેમની મનગમતી લાઇનમાં ઍડ્મિશન મેળવી લે અને ગોઠવાઈ જાય તેવી શુભેચ્છા પાઠવું છું. By Chance કોઈ વિદ્યાર્થીને ધાર્યા પ્રમાણે માર્ક્સ ન આવ્યા હોય તો મૂંઝાવું ન જોઈએ. નિરાશ ન થવું જોઈએ. હવે તો ઘણીબધી લાઈનો ખૂલી ગઈ છે. કેટલીય તકો તમારી રાહ જુએ છે. દરેક સફળ માણસોએ તેમને મળેલી તકો ઝડપી લીધી છે. એ બધા જ એસ.એસ.સી.માં, ૧૨મા ધોરણમાં અવ્વલ માર્ક્સ સાથે પાસ થયેલા હોતા નથી. પરિણામોથી આવેલો હતાશાનો ઝટકો ખંખેરી થોડા સમયમાં કામે લાગી જશો. સફળતા તમારી રાહ જોતી હશે.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# પિતૃ દેવો ભવઃ

**(૧૬ જૂન – ફાધર્સ-ડે નિમિત્તે)**



## પિતાની મૂક વેદના

મેં ધ્રૂજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. તેમને ભગંદરનું દર્દ હતું, તેથી તેઓ ખાટલાવશ હતા. તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંથી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણ વાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી.

હું પણ રડ્યો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે.

મારે માટે આ અહિંસાનો પદાર્થપાઠ હતો. આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તેઓ ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે, માથું કૂટશે એવું મેં ધાર્યું હતું, પણ તેમણે અપાર શાંતિ જાળવી તેનું કારણ મેં દોષની નિખાલસ કબૂલાત કરી એમ હું માનું છું. જે માણસ અધિકારી આગળ સ્વેચ્છાએ, પોતાના દોષનો નિખાલસપણે અને ફરી કદી તે ન કરવાનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરે છે. હું જાણું છું કે મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

*– મહાત્મા ગાંધી*

○○○

ચઢી છાતીએ જે ઘડી મૂછ તાણી,
કદી અંતરે રીસ આપે ન આણી;
કહ્યું મેં મુખે તે કર્યું હા જી હા જી.
ભલા, કેમ આભાર ભૂલું, પિતાજી?

મને નીરખતાં નેત્રમાં નીર લાવી,
લઈ દાબતા છાતી સાથે લગાવી;
મુખે બોલતા બોલ મીઠા મીઠા જી,
ભલા, કેમ આભાર ભૂલું, પિતાજી?

*– દલપતરામ કવિ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | ૧૬-૦૫-૧૩ | નાટક : 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' | ✉ |
| • બોરીવલી | ૨૯-૦૫-૧૩ | નાટક : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| • બીચ સાઈડ | ૨૨-૦૫-૧૩ | નાટક : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ★ |
| | ૩૦-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ✉ |
| • ભાંડુપ-વિક્રોલી | ૨૩-૦૫-૧૩ | નાટક : 'ટુ ઈડિયટ્સ' | ★ |
| | ૨૬-૦૫-૧૩ | મૂવી : 'ઈશ્ક ઈન પૅરિસ' | ✉ |
| • ચેમ્બુર | ૧૩-૦૫-૧૩ | નાટક : 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' | ✉ |
| • દાદર | ૧૬-૦૫-૧૩ | જમણ : 'સમૂહભોજન' | ★ |
| • એલિસ બ્રિજ | ૩૧-૦૫-૧૩ | નાટક : '૧૦૨ નોટ આઉટ' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | ૦૭-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ★ |
| | ૧૭-૦૫-૧૩ | નાટક : 'ટુ ઈડિયટ્સ' | ✉ |
| • જેમ્ જગડુશા | ૦૪-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ✉ |
| | ૧૪-૦૫-૧૩ | રંગારંગ : 'સથવારો શ્રી રાધેશ્યામનો' | ✉ |
| • જુહુ | ૧૦-૦૫-૧૩ | ઑર્કેસ્ટ્રા : 'મસ્તી કી પાઠશાલા' | ★ |
| | ૧૨-૦૫-૧૩ | નાટક : 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' | ▲ |
| | ૨૬-૦૫-૧૩ | IPL Match : Final - Mumbai Indians V/S Chennai Super Kings | ✉ |
| • જુહુ બીચ | ૦૯-૦૫-૧૩ | નાટક : 'મેડ ઈન અમેરિકા' | ✉ |
| | ૨૩-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ✉ |
| | ૨૧-૦૫-૧૩ | IPL Match : Semi Final - Mumbai Indians V/S Chennai Super Kings | ✉ |
| • કાંદિવલી | ૧૪-૦૫-૧૩ | નાટક : 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' | ★ |
| • કલાનગરી-વડોદરા | ૦૫-૦૫-૧૩ | ડાયરો : 'હાસ્ય ડાયરો' | ★ |
| • લેડીઝ વિંગ સે. મુંબઈ | ૧૦-૦૫-૧૩ | નાટક : 'ગુજરાતી નાટક' | ✉ |
| • મલાડ | ૨૭-૦૫-૧૩ | નાટક : 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' | ★ |
| • મુલુન્ડ | ૨૩-૦૫-૧૩ | નાટક : 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' | ✉ |
| • મુંબઈ | ૧૦-૦૫-૧૩ | નાટક : 'મેડ ઈન અમેરિકા' | ✉ |
| | ૩૧-૦૫-૧૩ | મૂવી : 'યે જવાની હૈ દિવાની' | ✉ |
| • નવી મુંબઈ | ૧૩-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ✉ |

| | | | |
|---|---|---|---|
| ● પેડર રોડ | : ૧૧-૦૫-૧૩ | રંગારંગ : 'સથવારો શ્રી રાધેશ્યામનો (દ્વિતીય)' | ✉ |
| ● પિંક પંતનગર | : ૦૫-૦૫-૧૩ | મૂવી : 'શૂટ આઉટ એટ વડાલા' | ✉ |
| | ૨૩-૦૫-૧૩ | નાટક : 'ટુ ઈડિયટ્સ' | ★ |
| ● રજવાડી | : ૦૩-૦૫-૧૩ | ઑર્કેસ્ટ્રા : 'દિલને ફીર યાદ કિયા' | ✉ |
| | : ૧૩-૦૫-૧૩ | રંગારંગ : 'સથવારો શ્રી રાધેશ્યામનો (દ્વિતીય)' | ✉ |
| ● રોયલ જગડુશા | : ૦૮-૦૫-૧૩ | નાટક : 'આ ન.મો. બહુ નડે છે' | ★ |
| | : ૧૪-૦૫-૧૩ | રંગારંગ : 'સથવારો શ્રી રાધેશ્યામનો (દ્વિતીય)' | ✉ |
| ● સાયન-માટુંગા | : ૦૫-૦૫-૧૩ | નાટક : 'પરણે એ પત્નીના શરણે' | ✉ |
| | ૧૪-૦૫-૧૩ | ઑર્કેસ્ટ્રા : 'મ્યુઝિક ઈન્ડિયા' | ✉ |
| ● શિવાજી પાર્ક | : ૦૬-૦૫-૧૩ | મૂવી : 'શૂટ આઉટ એટ વડાલા' | ✉ |
| | ૧૭-૦૫-૧૩ | નાટક : 'પરણે એ પત્નીના શરણે' | ✉ |
| ● વાપી | : ૧૧-૦૫-૧૩ | ડાયરો : 'કસુંબીનો રંગ' | ★ |
| ● વિલે પાર્લે | : ૦૬-૦૫-૧૩ | નાટક : 'ગરવી ગુજરાતણે રંગ રાખ્યો' | ★ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST FINANCIAL ASSISTANCE FOR HIGHER EDUCATION TOTAL AMOUNT COLLECTION BY JAIN JAGRUTI CENTRES FOR THE EDUCATION FUND IN THE YEAR 2012

*(ગતાંકથી ચાલુ...)*

### JJC SION - MATUNGA

| | |
|---|---|
| Satish C. Shah | 11,000 |
| Mekin A. Gangar | 11,000 |
| Jayant M. Shah | 11,000 |
| Shantibhai Punamia | 11,000 |
| Atul R. Parikh | 11,000 |

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન એટલે ચક્ષુદાન અને ત્વચાદાન**




**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

ADVT.

# જેજેસીની આજકાલ

## જેજેસી - સુરેન્દ્રનગર

સેન્ટર દ્વારા છેલ્લાં ૧૧ વર્ષથી ઉત્તમ ક્વૉલિટીની નોટબુકનું જૈન વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ એ પ્રોજેક્ટ અન્વયે તા. ૫-૫-૨૦૧૩ ને રવિવારના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડના પૂર્વ ચૅરમૅન શ્રી દિનેશ વી. શાહના પ્રમુખપદે યોજાયેલ સમારોહમાં, ધારાસભ્ય શ્રીમતી વર્ષાબહેન દોશી દ્વારા ઉદ્‌ઘાટન થકી નગરપાલિકા પ્રમુખ શ્રી વિપીનભાઈ ટોલિયાના શુભ હસ્તે નોટબુક પ્રોજેક્ટનું વિમોચન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ થકી કુલ ૧૮૦૦ કુટુંબોએ લાભ લીધો. આ સમારોહને પ્રેક્ષણીય બનાવવા 'ડીડો' (દિલીપ શાહ) દ્વારા અવનવી ગૅમ રમાડવામાં આવી. ઉપરાંત સેન્ટરના જ સભ્યો દ્વારા એક સરસ ટેલેન્ટ શો રજૂ કરવામાં આવ્યો.

## જેજેસી - હિંમતનગર

દર વર્ષની માફક આ વર્ષે પણ શ્રી મહાવીરજયંતી ઉજવણી નિમિત્તે શહેરભરનાં ગરીબ તેમ જ અનાથ બાળકો અને તેમનાં મા-બાપને મીઠાઈનું તેમ જ કપડાનું વિતરણ કરી માનવતાનું કાર્ય કર્યું. શહેરભરમાં શ્રી મહાવીરસ્વામીની જય નો ઘોષ ગાજી ઊઠ્યો.

## જેજેસી - મોરબી

સામાજિક સેવાકીય કાર્ય થકી મોરબીમાં એક આગવી ઓળખ ઊભી કરનાર જેજેસી-મોરબી દ્વારા જાહેર જનતા માટે ઘણા સુંદર કાર્યક્રમ થાય છે. તાજેતરમાં બળબળતી ગરમીમાં એકદિવસીય કાર્યક્રમ અન્વયે મીઠી-મધુરી ઠંડી છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું અને રાહદારીનાં કલેજાંને ઠંડક આપી. શ્રી શૈલેન મહેતાની આગેવાનીમાં સમગ્ર જેજેસી ટીમ કામે લાગી અને લગભગ ૬૫૦૦ લોકોએ લાભ લીધો. (તા. ૧-૫-૨૦૧૩)

શ્રી મહાવીર ભગવાન જન્મજયંતી નિમિત્તે મંગળવાર, તા. ૨૩-૪-૨૦૧૩ના રોજ શહેરના સર્વે જૈનોએ એક શોભાયાત્રાનું આયોજન કર્યું તેમાં જેજેસી-મોરબી દ્વારા ધર્મભાવનારૂપે દ્રાક્ષ અને તરબૂચના પાલનું આયોજન કરવામાં આવ્યું. જેજેસીના સભ્ય શ્રી જગદીશ પારેખે ધર્મલાભ લીધો.

## જેજેસી-ભુજ

કચ્છના ધરતીકંપની ૧૨મી વરસીના ટાણે સેન્ટરના સભ્યો વિકલાંગ વિદ્યાવિહાર કન્યાકુંજ, માધાપરની ૪૦% કરતાં વધુ વિકલાંગતા ધરાવતી કન્યાની મુલાકાત લઈને શુભેચ્છાનો માહોલ ઊભો કર્યો. કન્યાકુંજમાં વિકલાંગ કન્યાઓ માટે શાળા, હૉસ્ટેલ તથા ભોજનશાળા છે. તેમાં ૧૨૦ જેટલી કન્યા/બાલિકા રહે છે. જેજેસી-ભુજની મહિલાઓ દ્વારા આ બાલિકાઓને જરૂરિયાત મુજબ ગરમ વસ્ત્રો તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું.

## જેજેસી - લેડીઝ વિંગ મહેસાણા

બુધવાર, તા. ૧-૫-૨૦૧૩ના રોજ બહેનોને પ્રિય એવા મહિલા દ્વારા, મહિલા માટે, મહિલાઓને ખુશ કરતો એક કાર્યક્રમ-હૅરકૅર, બ્યૂટી કૅર તથા સ્કીન કૅર માટે લાઈવ ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું.

સતત પાંચમા વર્ષે પણ ઉનાળાની અતિકઠોર ગરમીમાં પાણી વિના તરફડતાં પક્ષીઓને નવજીવન બક્ષતા પક્ષી પરબ અભિયાન કરવામાં આવ્યું જેમાં સેન્ટર દ્વારા પાણીનાં કૂંડાંનું ડિસ્ટ્રિબ્યુશન કરવામાં આવ્યું. ન જાણે અબોલ પક્ષીઓના કેવા મૂગા આશીર્વાદ મળ્યા હશે! આને કહેવાય કરવા જેવા કામ!!

## સુભાષિત

- સમદ્રષ્ટિવાળા મુનિ કાંઈ કરે કે બોલે નહીં, સારા-નરસાનું ચિંતન ન કરે, પણ પોતાના આત્મામાં જ આનંદ માણતા અને (અન્ય જનોને) જડ જેવા લાગતા મસ્ત થઈને વિચરણ કરે છે.
- યોગી જ્યાં સુધી દુનિયાદારીના ગુણદોષોથી પૂરો જાણકાર ન બને ત્યાં સુધી તેની સમાધિ દૃઢ છતાં પૂર્ણપણે નિર્મળ રહી શકતી નથી.
- પ્રતિભાસંપન્ન કવિ જેમ શબ્દ અને અર્થ બન્નેનો સમુચિત ઉપયોગ કરે છે, બન્નેનું આલંબન કરે છે તેમ કુશળ કાર્યસાધક દૈવ અને પુરુષાર્થ બન્નેનું સમાનપણે આલંઘન લે છે.
- કાળના ઘેરા તિમિરમાં ઝગમગે એ જિન્દગી!
  આસમાન તૂટી પડે પણ ના ડગે એ જિન્દગી!
  થીજવી દે હાડ, એવી આફતોની ટાઢમાં
  હૂંફ દેવા અન્યને જે ધગધગે એ જિન્દગી!

# આપણી માતૃભાષા ગુજરાતી

■ સંકલન: આર્મેશકુમાર જૈન

## વ્યાપાર-ધંધામાં કરે રાજ 'કેમ છો, મજામાં છો?'નો જયજયકાર

માણસ જન્મે તેની સાથે જ પ્રાકૃતિક પરિમાણો લઈને આવે છે (૧) મા (૨) માતૃભૂમિ અને (૩) માતૃભાષા. આ તારી મા છે તેવો પરિચય આપવામાં આવતો નથી, છતાં સ્વયંભૂ રીતે તે માતાનો સ્પર્શ જન્મની પહેલી મિનિટથી પારખી લે છે. તેવી જ રીતે માતૃભાષા શીખવા તેને કોઈ કોચિંગ ક્લાસમાં જવું પડતું નથી. માતૃભૂમિ ઉપરનો ઉમળકો પણ સ્વયંભૂ નીખરે છે એ સંવેદના હૃદયમાં જિંદગીભર કોતરાઈ જાય છે. રોજગાર માટે ભવિષ્યમાં તે દશ હજાર માઈલ દૂર જાય તોપણ બે-પાંચ પેઢી પછી પણ માતૃભૂમિ પરનો રાગ અને ખેંચાણ અખંડ રહે છે. આ વાંચનાર દરેકને આ અનુભૂતિ થતી જ હશે. એટલે જ દૂર અવકાશમાં વિહરી રહેલી અવકાશયાત્રી પ્રથમ મહિલાને જ્યારે ઈંદિરા ગાંધીએ પૂછ્યું કે, 'क्या अनूभूति हो रही है?' ત્યારે તેણે ગદ્‌ગદિત થઈને કહ્યું,' 'सारे जहाँ से अच्छा हिंदोस्ताँ हमारा।'

આ ત્રણેય પરિમાણો માણસ ધારે તોપણ બદલી ન શકે અને બદલવા પ્રયાસ કરે તો માનવીય મૂલ્યોનું પતન કહેવાય અને વિનિપાત નક્કી છે તેમ સમજી જ લેવું. આપણા દુર્ભાગ્યે માતૃભાષાનું પરિમાણ બદલી નાખવા આતુર સંતાનોની બે પેઢી જન્મી ચૂકી છે અને તેમનો સમાજ પરનો ભરડો દિવસે ને દિવસે મજબૂત બનતો જાય છે. માતૃભાષાને ગૂંગળામણ થવા લાગી છે.

આમ કેમ બન્યું? આપણી માતૃભાષામાં શું ખામી છે કે આપણાં સંતાનોને 'માસી ભાષા' વહાલી લાગવા માંડી છે. તેના ભપકાથી અંજાઈ ગયા છે? દુનિયાની કોઈ ભાષાને પોતાનાં જ સંતાનો દ્વારા થતો આવો અનાદાર નહીં મળ્યો હોય! 'માતૃ' જેવો પવિત્ર શબ્દ જેની આગળ લાગેલો હોય તે ભાષાને તો સ્વાભિમાન વગરના લોકો જ ભૂલે! જ્યાં શિક્ષણનું માધ્યમ બંધારણ પ્રમાણે અંગ્રેજી છે તે અમેરિકામાં હજી આજની તારીખે ૧૦૦% લોકોએ અંગ્રેજીને માન્યતા આપી નથી. આજે ૨૦૦૮ના આંકડા પ્રમાણે ૩,૨૦,૦૦,૦૦૦ અમેરિકન નાગરિકોની ઘરમાં બોલાતી માતૃભાષા અંગ્રેજી નથી. આ પૈકી લગભગ બે કરોડ નાગરિકો સ્પેનિશ ભાષા બોલે છે. ૨૨ લાખ અમેરિકનો હજી તેમની મૂળ ભાષા ફ્રેન્ચને વળગી રહ્યા છે. ઈટાલિયન, ચીની અને જર્મન બોલનારા લોકો હજી અમેરિકામાં, આટલાં વર્ષ પછી પણ તેમની માતૃભાષાને ભૂલવા તૈયાર નથી. દક્ષિણ આફ્રિકાના ડચ અને કૅનેડાના ફ્રેંચ વતનીઓ પણ તેમની વર્ષોજૂની મૂળ ભાષા-માતૃભાષાને છોડવા તૈયાર નથી, ત્યારે આપણા ગુજરાતીઓને શું રોગ લાગુ પડયો છે?

સ્વાભિમાન અને માતૃભાષા પરના પ્રેમનો ભુક્કો બોલાવી દીધો છે. હજી ૬૦૦ વર્ષ પહેલાં અંગ્રેજીનો અતોપત્તો ન હતો. ઇંગ્લૅન્ડમાં અન્ય આઠ ભાષા બોલાતી હતી ત્યારે ગુજરાતી ભાષાએ સિદ્ધરાજ સોલંકી અને હેમચંદ્રાચાર્યના જમાનામાં (બારમી સદી) સારું કાઠું કાઢેલું. 'સિદ્ધહેમ' નામના ગુજરાતી વ્યાકરણ ગ્રંથનું વિમોચન રાજા સિદ્ધરાજે કરેલું. ત્યાર બાદ નરસિંહ મહેતા, દલપતરામ, અખો ભગત, નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, ક.મા. મુનશી, કાકા કાલેલકર જેવા કવિ-લેખકોએ ગુજરાતી ભાષા બરાબર સજાવી, પણ પછી શું થયું? લૉર્ડ મેકોલેએ અંગ્રેજીનું આગમન કર્યું ત્યારે તેનો ઈરાદો બ્રિટિશ સરકારના વહીવટમાં મદદરૂપ થવા થોડા દેશી હિન્દુસ્તાનીઓને ઇંગ્લિશ ભાષામાં તૈયાર કરવાનો હતો. 'બાબુ' ઈંગ્લિશ (સરકારી કારકૂન) કે બટલર ઈંગ્લિશ (ઘરઆંગણે નોકર/ચાકર)માંથી આજે આપણે ક્યાં પહોંચી ગયા છીએ? હજી ૨૦મી સદીના ૫૦/૬૦ના દાયકામાં એક વિષય તરીકે ઈંગ્લિશ ધોરણ પાંચમાથી શીખવવું કે આઠમાથી તે માટે મોટો ગજગ્રાહ વરસો સુધી ચાલેલો, પણ છેવટે સંજોગો બદલાયા અને અભ્યાસક્રમમાં એક વિષય તરીકે ગુજરાતી રાખવાનો વારો આવી ગયો! આથી મોટી કરુણતા બીજી કઈ હોઈ શકે?

આજે તો મમ્મીઓ જ પોતાના બાળકને કખગને બદલે **ABCD** શીખવે છે. પહેલા જ દિવસથી **come here, go there, seat down** કે **stand up**માં વાત કરવા લાગી પડે છે. સંતાનો ઈંગ્લિશમાં વાત કરે તેમાં ગૌરવ અને ગુજરાતીમાં વાત કરે તો શરમજનક કહેવાય!!

કબૂલ કરીએ કે આજે ઈંગ્લિશ ઈન્ટરનેશનલ ભાષા બની ગઈ છે અને જગતની દરેક ભાષા માટે **Juggernaut** સાબિત થઈ રહી છે.

આપણી ગુજરાતી ભાષાનો શબ્દકોશ કે જોડણીકોશ

બન્યો નથી. 'નવજીવન' પ્રકાશને ગાંધીજીની પ્રેરણાથી મહેનત કરી એક જોડણીકોશ બહાર પાડયો છે, પણ તે સંતોષકારક નથી.

જ્યારે અંગ્રેજી ભાષા એ દ્દષ્ટિએ નશીબવંતી છે. લેટીન, રોમન, વેલ્શ, ગેલિક, આઈરીશ, સ્કેન્ડીનેવિયન, ફ્રેન્ચ અને જર્મન ભાષામાંથી સૂક્ષ્મ (Minor) અભિવ્યક્તિ વ્યક્ત કરતા હજારો શબ્દોને અંગ્રેજોએ દત્તક લઈ લીધા (Adoption). ૧૬મી સદીમાં થયેલા શેક્સપિયર જેવા લેખકોએ ભાષાને Rich બનાવી અને સૌથી મોટું અને સરસ કામ કર્યું અંગ્રેજ વિદ્વાન સર જેમ્સ મરેએ. તેમણે આજુબાજુની ભાષાના હજારો શબ્દો ઉપાડી તેનું અંગ્રેજીકરણ કરી એક ખૂબ જ માહિતીપ્રદ મબલખ જોડણીકોશ બનાવ્યો. આ જોડણીકોશ એટલે 'ધ ઑક્સફર્ડ ઈંગ્લિશ ડિક્શનેરી.' આ પછી પણ તેમણે લાગલાગટ ૩૫ વર્ષ સંશોધનાત્મક કાર્ય કરી ઈંગ્લિશ ભાષાની ઉત્ક્રાંતિ કરી. આ ડિક્શનેરીના ૨૦ ભાગમાં કુલ ૨૪૯૦૦ પાનાં અને ૬,૧૬,૫૦૦ શબ્દો છે. જ્યારે અક્ષરો અને આંકડાની સંખ્યા છે ૩૫ કરોડ! ડિક્શનેરીની સી.ડી. રોમ આવૃત્તિમાં એ બધા ડેટા ૬૨૫ મેગાબાઈટ જેટલી મેમરી રોકે છે. જે ભાષાની આવી ઉત્ક્રાંતિ થઈ હોય તે Heavy Roller બની જાય તેમાં શી નવાઈ! આપણને બીજો વાંધો કે Complexion ન હોવા જોઈએ, પણ રોજબરોજના વ્યવહારમાં, ઘરમાં માતૃભાષાનું ગૌરવ સચવાવું જોઈએ. આશા છે કે પાંચ કરોડ ગુજરાતીઓ તેને ગૌરવ બક્ષશે!

### નશીબવંતી ભાષા–ઈંગ્લિશ–અંગ્રેજી

**બીજી યુરોપીય ભાષા કરતાં અંગ્રેજીને વધુ સફળતા મળી તે ખરેખર આશ્ચર્ય એટલા માટે છે કે જગત પર હકૂમત જમાવવામાં અંગ્રેજો તો છેલ્લા હતા. ભારતમાં ડચ અને પોર્ટુગિઝ પછી અંગ્રેજો આવ્યા. સાઉથ આફ્રિકામાં ડચ લોકોએ કબજો લઈ લીધો હતો. કૅનેડામાં ફ્રેન્ચની હકૂમત સ્થપાઈ ચૂકી હતી. અમેરિકા અને સાઉથ અમેરિકામાં સ્પેનચાર્ડો પહેલા ઘૂસી ગયા હતા. અંધારિયા આફ્રિકામાં ભારતીયો (કચ્છી)એ પગદંડો જમાવી દીધો હતો. અંગ્રેજો અને અંગ્રેજી તો હાંસિયામાં રમતાં હતાં, પણ એક બનાવ બન્યો. ખ્રિસ્તી ધર્મના પ્રચારાર્થે અંગ્રેજ પાદરીઓ પુષ્કળ પ્રમાણમાં અમેરિકા પહોંચ્યા હતા. આંતરયુદ્ધ બાદ અમેરિકાના ઘડવૈયા જ્યોર્જ વૉશિંગ્ટન બંધારણ ઘડવા બેઠા તેમાં રાજભાષા, શિક્ષણના માધ્યમની ભાષા કઈ રાખવી તે વિષે મતમતાંતર ચાલતા હતા. અંગ્રેજ પાદરીઓના દબાણથી જ્યોર્જ વૉશિંગ્ટન, બેન્જામીન ફ્રેન્કલીન વગેરેએ વોટિંગ કરાવ્યું. તેમાં ફ્રેંચ અને જર્મન વચ્ચેની હુંસાતુંસીમાં ફક્ત એક જ મતથી અંગ્રેજી ભાષા મેદાન મારી ગઈ. આજની ઘડી ને કાલનો દી, અંગ્રેજીએ પાછું વાળી જોયું નહીં અને તેમાંય ૧૮મી સદીમાં ઈંગ્લૅન્ડના નેથન બેઈલી, ૧૯મી સદીના સેમ્યુલ જ્હોનસન અને ત્યાર બાદ છેલ્લે જેમ્સ મરે જેવા ભાષાશાસ્ત્રીઓએ કમાલ કરી અંગ્રેજીને ખરા અર્થમાં RICH બનાવી દીધી. કૉમ્પ્યુટર તથા ઈન્ટરનેટ આવતા અંગ્રેજી ભાષા ચક્રવર્તી બની ગઈ.**

માતૃભાષાને ગૌરવ આપવાનું મહારાણી વિક્ટોરિયા પાસેથી શીખી શકાય. જાણીને આશ્ચર્ય થાય છે કે બ્રિટનનાં મહારાણી વિક્ટોરિયાના શાસન દરમિયાન બ્રિટન, જેનો સૂરજ કદી આથમે નહીં તેવું મહાસામ્રાજ્ય બન્યું. મહારાણી જર્મન રાજકુળનાં હતાં. તેમને કદી સાહિત્યિક ઈંગ્લિશ ભાષા આવડી જ નહીં! રાજવહીવટ માટે તેમને દુભાષિયાની જરૂર પડતી. રાજમહેલમાં તેમણે તેમની માતૃભાષાનો જ ઉપયોગ કર્યો! માતૃભાષાને ગૌરવ બક્ષતો આથી મોટો ક્યો દાખલો હોઈ શકે?

તમને લાગશે માતૃભાષા–ગુજરાતી વિશે લખતાલખતા અંગ્રેજીના રવાડે આ ભાઈ કેમ ચડી ગયા?

પણ ઈંગ્લિશ ભાષા આજે ઈન્ટરનેશનલ ભાષા બની ચૂકી છે તેમાં કોઈ જ શંકા નથી. ચંદ્ર ઉપર કે મંગળ પર પણ ઈંગ્લિશમાં લખાયેલા સાઈન બોર્ડ મુકાઈ ચૂક્યાં છે! જગતમાં સૌથી વધુ બોલાતી ચીની (ચીની ૧૦૬ કરોડ, હિંદી ૪૯.૫ કરોડ) પણ લપેટમાં આવી ગઈ છે. એકલા શાંઘાઈમાં ઈંગ્લિશ શીખવા માટે ૪૦૦ જેટલા ક્લાસ શરૂ થઈ ગયા છે. (Time July-2012) એ લોકો ભારતના Outsourceના ધંધા પર હુમલો કરવા તત્પર છે.

ત્યારે આપણે ઈંગ્લિશમાં અભ્યાસ કરવાનું ચાલુ રાખીએ જ, પણ મા તે મા! મા ગમે તેવી હોય (બીજાના પ્રમાણમાં), ચીંથરેહાલ હોય, પણ માનો ખોળો જે ઉષ્મા આપે તે બીજા કોઈનો નહીં. ચાલો આપણે આપણી માતૃભાષાને જીવંત રાખવા પરિશ્રમ કરીએ. ઘરમાં ને રોજિંદા વ્યવહારમાં ગુજરાતી શીખીએ–બોલીએ–અનુભવીએ.

# ભાષા જાય તો સંસ્કૃતિ જાય

■ કિરણ શાહ - Past Chairman

માનવીની કોઈ માતા અમર હોય તો તે છે માતૃભૂમિ અને માતૃભાષા. માતૃભાષામાં શિક્ષણ એ જીવનમૂલ્યોને શીખવવાની નાનકડી પ્રયોગશાળા છે. અંગ્રેજી ભણવું એ એક વાત છે અને અંગ્રેજી દ્વારા ભણવું એ બીજી વાત છે. અમે ૧૯૪૦ ને ૧૯૬૦ની વચ્ચે જન્મેલા બધા ગુજરાતી ભાષામાં જ ભણેલા છીએ અને અમને જીવનમાં ક્યારેય એના લીધે ક્યાંય હતાશા સાંપડી નથી.

બે-ત્રણ વર્ષ પહેલાં ગુજરાતમાંથી S.S.C. બોર્ડમાં પ્રથમ આવેલ બરોડાની એક નાનકડી છોકરી કદાચ એનું નામ મિનળ પરમાર હતું તે શિડયુલ કાસ્ટની છોકરી કોઈ પણ વધારાનું Tution લીધા વિના આટલા ઉચ્ચ ગુણાંક લાવેલી તે ગુજરાતી માધ્યમમાં ભણેલી.

જો આપણે ઊંડાણપૂર્વક તપાસ કરીશું તો S.S.C. અને H.S.C.માં સૌથી સારા ગુણાંક મેળવનાર મોટા ભાગના વિદ્યાર્થીઓ માતૃભાષામાં ભણેલા હશે. આનું એક વૈજ્ઞાનિક કારણ છે કે માહિતી તો કોઈ પણ ભાષામાં ગોખી શકાય, પણ સંકલ્પના (concept) તો આપણી માતૃભાષામાં જ વધારે સારી રીતે સમજાય.

વિશ્વના ઘણાબધા દેશોમાં પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ લેવાનો આગ્રહ રાખવામાં આવે છે. આપણે જ આપણાં બાળકો અંગ્રેજી ભાષામાં ભણે તે પરિવર્તન ઝડપથી સ્વીકારી લીધું છે. અંગ્રેજી ભાષા ભવિષ્યમાં કારકિર્દી માટે આવશ્યક છે તે સાચું, પણ માતૃભાષાનું જ્ઞાન વ્યક્તિવિકાસ માટે, સામાજિક મૂલ્યોના શિક્ષણ અને બાળકોનાં જીવનઘડતર કાજે અત્યંત મહત્ત્વનું છે.

જે ઘરમાં બાળકો માતૃભાષા જાણતાં હશે તે બાળકો આપણા તહેવારો વિશેનું જ્ઞાન અને એ તહેવારોને માણતા શીખશે. મા-બાપ અને વડીલોને આદર આપશે. બાળક માતૃભાષાના જ્ઞાનથી જ માતા-પિતા-વડીલો સાથે સંવાદ કરતાં શીખે છે. બાળકોમાં રહેલી અદ્‌ભુત શક્તિઓ માતૃભાષાના જ્ઞાનથી જ બહાર લાવી શકાય છે. અંગ્રેજી ભાષા 'માસી' છે, તે શ્રેષ્ઠ ડિગ્રી અપાવશે તો માતૃભાષા 'મા' છે. તે બાળકને શ્રેષ્ઠ વ્યક્તિ બનાવશે. અંગ્રેજીમાં ભણવાથી વિદ્યાર્થી સાક્ષર તો બને છે, પણ માતૃભાષામાં ભણવાથી વિદ્યાર્થી સાક્ષર અને સંસ્કારી પણ બને છે અને મોટે ભાગે માતૃભાષામાં ભણેલો સાક્ષર જીવનમાં રાક્ષસ નથી બનતો. માતૃભાષામાં શિક્ષણથી બાળકમાં એક અનેરી ગુજરાતીમયતા પ્રગટે છે. દરેક ગુજરાતીના અંતરમાં ક્યાંક ગુજરાતીપણાનું ઝરણું વહેતું રાખવું શું એ આપણી ફરજ નથી!!

બાળકો જ્યારે કૉન્વેન્ટમાં ભણવા જાય ત્યારે મા-બાપ અને સંતાનો વચ્ચે માતૃભાષાનો સેતુ તૂટે છે અને પછી વિચારોનો સેતુ તૂટે છે અને પછી સંસ્કારનો સેતુ તૂટે છે. ભાષા લોકોને જોડવાનું અને તોડવાનું કામ કરે છે. અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકોને ખબર જ નથી કે તેમણે શું ગુમાવ્યું છે. તેઓએ બકોર પટેલ અને સસ્સાભાઈ સાંકળિયાની દોસ્તી ગુમાવી છે, તેઓએ અડુકિયો-દડુકિયો અને છેલ-છબો ગુમાવ્યા છે. તેઓએ ગિલી-દંડા અને આઈસ-પાઈસની રમત ગુમાવી છે. આ બાળકોએ ટૂંકમાં આપણા Roots અને આપણી Identity ગુમાવી છે. તેઓની હાલત ત્રિશંકુ જેવી છે. તેઓ નરસિંહ-મીરાથી તો વંચિત રહ્યાં જ છે, પણ સાથેસાથે વડ્ઝવર્થ કાવ્યોથી પણ વંચિત રહ્યાં છે.

ગુજરાતી ભાષા આપણાં ઘરોમાંથી ધીમેધીમે વિદાય લઈ રહી છે. બહુ બહુ તો બેથી ત્રણ પેઢી સુધી રહેશે, એ પછી નામોનિશાન નહીં રહે. મને ચિંતા થાય છે કે ભવિષ્યમાં આપણાં બાળકો નરસિંહ, મીરાં, સુન્દરમ્, રાજેન્દ્ર, ઉમાશંકર, મકરંદને કેવી રીતે વાંચશે. થોડાં વર્ષોમાં ગુજરાતી પ્રકાશનોની દુકાનો જ બંધ થઈ જશે, ગુજરાતી નાટકો આવતાં બંધ થઈ જશે, ગુજરાતી ગાયનોનો કાર્યક્રમ બંધ થઈ જશે. આપણે એ યાદ રાખવાનું છે કે ભાષા જાય ત્યારે એની સાથે આપણી સંસ્કૃતિ જાય, કારણકે ભાષા અને સંસ્કૃતિ એકબીજાં સાથે સંકળાયેલાં છે. ભાષા એકલી નહીં જાય, એની સાથે આપણી વારસાગત સંસ્કૃતિ જાય, સંસ્કારો જાય, આપણાં મૂળિયાં જાય, ઈતિહાસ જાય, ભૂગોળ જાય અને આપણા હૃદયનો એક કટકો જાય. ભાષા સાથે જ્યારે આપણી સંસ્કૃતિ જશે ત્યારે આપણી મમ્મીની ગુજરાતી સાડી જશે, પપ્પાની ભાષા જશે, આપણાં ઉપનિષદ, ગીતા અને જૈન આગમોની પ્રાર્થના જશે.

મને ઘણી વાર એમ થાય છે કે જેમની પાસેથી આપણે આપણી માતૃભાષા છીનવી રહ્યા છીએ એ પરમદિવસની ભવિષ્યની પેઢી આ માટે આપણને હરગિઝ માફ નહીં કરે, કારણકે ગુજરાતની સંસ્કૃતિ જેણે વિશ્વને સત્ય, શાંતિ, સહિષ્ણુતા, સાહસ અને અહિંસાનો પરિચય અને અનુભવ કરાવ્યો તે જ રહેશે નહીં.

આખી દુનિયામાં ગમે ત્યાં જાવ, ભારતમાં પણ બધાં રાજ્યોમાં ઘૂમી વળો, પરંતુ પોતાની માતૃભાષા પ્રત્યેનો

અભાવ તમને ગુજરાત જેટલો ક્યાંય નહીં જડે. બાપુજીમાંથી પપ્પા અને પપ્પામાંથી ડેડ બનેલાને ખયાલ પણ નથી આવતો કે પોતે શું ગુમાવી ચૂક્યા છે-Dead થઈ ગયા છે. આજે જ્યારે આપણાં બાળકો (માતૃભાષાનાં) વર્તમાનપત્રોનાં મથાળાં વાંચી શકતાં નથી અને એ માટે તેની મમ્મી સંકોચ નહીં, પણ ગૌરવ અનુભવે છે, ત્યારે હતાશા ઘેરી વળે છે.

જે સંતાનો પોતાને સહજપ્રાપ્ત એવી માતૃભાષા બોલવાની, લખવાની, રડવાની, ઝઘડવાની ક્ષમતા ગુમાવી બેસે, તેઓ શું શું ગુમાવે છે તેનો ખયાલ મૂર્ખ માતા-પિતાને ઝટ નથી આવતો. ગુજરાતી માધ્યમની શાળા બંધ થઈ ને ત્યાં જ અંગ્રેજી માધ્યમની ખૂલતી દરેક શાળા મારા શ્વાસને રૂંધે છે, મન ગ્લાનિથી ભરાઈ જાય છે. આપણે ક્યારે સમજશું કે જે ભાષામાં સ્વપ્નાં આવે એ જ આપણી માતૃભાષા!! સ્મૃતિભ્રંશ આખી પ્રજાને થયો છે, કસ્તૂરીમૃગ જેવી આપણી દશા છે!!

ગુજરાતી ભાષા, ગુજરાતી સંસ્કૃતિ અને સંસ્કાર આપણને અને ખાસ કરીને આપણી ભાવિ પેઢીને પોતાના વારસામાંથી થોડાંક વર્ષોમાં રદબાતલ ન કરે તેવું કંઈક કરવું હોય તો આપણે બધાએ સાથે મળીને માતૃભાષા માટે પ્રયત્ન કરવો પડશે. અંધકારને ગાળો દેવા કરતાં એક નાનકડી મીણબત્તી સળગાવવી સારી. આપણે સમજીએ કે **ભાષાનું દાન એ જ સાચું જીવનદાન.**

આ લેખ મનનપૂર્વક વાંચવાથી આપનામાં 'ઊંડા અંધારેથી પરમ તેજે' લઈ જવાની થોડીઘણી પણ જો શ્રદ્ધા પ્રગટે તો મારા માટે શ્રમસાફલ્ય.

---

# એક સમજણ સદ્‌ગતની પાછળ

સદ્‌ગતની પાછળ મોટા ભાગે પ્રાર્થનાનું આયોજન કરવામાં આવતું હોય છે, એ સારી રીતે થાય એ આગ્રહ હોય તે પણ બરાબર છે. પ્રાર્થનાસભાની યોગ્ય રજૂઆત, પ્રવક્તા, ગાયકો, વાદકો અને સાઉન્ડ સિસ્ટમ હોવાના કારણે મધુર થાય, ખોટો રોફ અને દેખાડ બન્ને પક્ષે એટલે કે જેના ઘર તરફથી એનું આયોજન કરાયું હોય, તે અને જે ગ્રુપ એ રજૂ કરતું હોય, તે આ બન્ને પક્ષે સૂક્ષ્મ ગર્વ હોય છે. એ ન હોય અને સાવ નિર્મળ, નિખાલસ, અતિશયોક્તિ વગર અને ભાવપૂર્ણ હોય એ ઈચ્છવા યોગ્ય છે. આપણી ધર્મભાવના એ જણાવે છે કે, આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન કરવું અને ધર્મધ્યાન કરવું એ શ્રેષ્ઠ વિકલ્પ છે. સદ્‌ગતના આત્માની શાંતિ અને સંસારીઓને સમતા બન્ને પ્રાપ્ત થાય એ સાચી ધર્મક્રિયા.

હવે પ્રશ્ન એ થાય છે કે, નવકારમંત્રના જાપ, ભાવયાત્રા, અઢાર પાપસ્થાનકની આલોચના, સમેતશિખરજીની ભાવયાત્રા વગેરે અનુષ્ઠાનો પ્રાર્થનાસભામાં ગોઠવાવા લાગ્યાં છે, પણ અનુષ્ઠાનો શોગિયા વસ્ત્રોમાં અને શોગિયા વાતાવરણમાં કરાય નહિ. પ્રભુજીનાં જપ-તપ-ધ્યાન, યોગયાત્રાની વાતો જેમાં આવતી હોય અને જેની ક્રિયા પણ કરાવવામાં આવતી હોય જેમ કે, શ્રી શત્રુંજય ભાવયાત્રામાં પટ બાંધી, ધૂપ-દીપ કરી, પાટલા મૂકી અક્ષત ફૂલડે વધાવવા, ગિરિરાજની આરતી ઉતારવી અને પ્રાયઃ પાંચેય ચૈત્યવંદન કરાવી બે કલાક (ક્યારેક તો એથીય વધારે સમય લેવાય છે) પૂરા કરવામાં આવે છે. આ ભાવયાત્રા કેમ કહેવાય? જેમાં ક્રિયાઓ કરાવવામાં આવે છે, સ્વજનના દેહાંત વખતે પરિવારજનો અત્યંત ભાવુક હોય છે એવા સમયે જે વાત તેમના કાનમાં ઘુસાડવામાં આવે તે વાતે તેઓ મંજૂર થઈ જાય છે, પણ મરણ નિમિત્તે આવાં અનુષ્ઠાનોથી સદ્‌ગતને, પરિવારજનોને અને પ્રાર્થનાસભામાં આવેલા લોકોને પુણ્ય બંધાય એવું લાગતું નથી, બલકે કદાચ આ પ્રવૃત્તિનું નિમિત્ત ખોટું છે.

માટે આ બાબતે સૌએ વિચાર કરવો જરૂરી છે. અનુષ્ઠાનોના આયોજન માટે શુભ પ્રસંગો હોય એ સારું અને મૃત્યુનો મલાજો જાળવવા માટે પ્રાર્થનાસભામાં ભક્તિગીતો હોય એ સારું, એમાં પણ પરાણે રડવા-રડાવવાની કોઈ ચેષ્ટા ન હોય એ ધ્યાન રાખવું. પ્રાર્થનાસભાઓમાં સુંદરતમ અને શ્રેષ્ઠ રજૂઆત કરનારાઓને આ લખનારે પણ જોયા સાંભળ્યા છે. સદ્‌ગતને સારી રીતે ઉજાળવા અને પ્રભુભક્તિમાં લીન રહેવા જેવી આ રીત સારી લાગે છે.

હા! આગળ વાત કરી તેમ અનુષ્ઠાનો કરવાની ના ન હોઈ શકે, પણ એ શ્રદ્ધાંજલિસભામાં ન કરાવવા, જ્યાં વિયોગના ગીત પણ ગવાય જ છે. પરમાત્મા એ આત્માને સાચી શાંતિ આપજો એવું ગવાય જ છે. શ્રદ્ધાસુમન દેવાવાળાઓનાં પ્રવચનો અને વક્તવ્ય થાય છે, એવું 'કોકટેલ'ન કરવું સારું. એના બદલે શ્રદ્ધાંજલિ વખતે (મરણ વખતે) નહિ, પણ સ્મરણાંજલિ (વાર્ષિક તિથિ કાં પાંચ વર્ષે યાદગીરી) જેવા સમયે અનુષ્ઠાનો કરો જેથી શોગિયું વાતાવરણ નહિ, પણ સદ્‌ગતની સ્મૃતિથી તરબતર હોય અને ખુશીથી છલકતી ક્ષણો હોય એ સમયે કરેલાં અનુષ્ઠાનો પુણ્ય બાંધી દે છે.

■ *રેખા શાહ*

# વીલ કરતી વખતે કઈ બાબતો ધ્યાન પર લેવી?

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

**પ્રશ્ન :** વીલ કરતી વખતે કઈ બાબતો ધ્યાન પર લેવી?

**ઉત્તર :** કાયદા પ્રમાણે વીલનું રજિસ્ટ્રેશન Sub-Registrarમાં ફરજિયાત નથી. વીલનું સબ-રજિસ્ટ્રાર પાસે રજિસ્ટ્રેશન બે રીતે થઈ શકે છે. એક તો એને Open Will કહેવાય છે. એટલે કે ઓપન વીલમાં વીલ કરનાર વ્યક્તિ સબ-રજિસ્ટ્રારમાં જઈને રજિસ્ટ્રારની સામે સહી કરે છે. રજિસ્ટ્રાર તેની કૉપી રાખે છે. Original Will પર સ્ટૅમ્પ મારે છે કે કયા દિવસે વીલ કરનાર વ્યક્તિએ સબ-રજિસ્ટ્રાર પાસે આવીને Declare કરેલું છે. આનાથી ફક્ત એટલું જ સાબિત થાય છે કે Testedor વીલ કરનારની સહી ભવિષ્યમાં ચૅલેન્જ નથી કરી શકતો. Testedor એટલે જે વ્યક્તિ વીલ કરે છે તેને Testedor કહેવાય છે. વીલ સબ-રજિસ્ટ્રાર સામે Declare કરતી વખતે બે વ્યક્તિની as a witness હાજરીની પણ જરૂરત છે. આમાં એક વસ્તુ ધ્યાન રાખવી કે સબ-રજિસ્ટ્રાર પાસે Open Will Declare કરાવેલું હોય તો વીલ કરનારની સહી ચૅલેન્જ નથી કરી શકાતી, પણ વીલમાં લખેલી વસ્તુઓ ગેરકાયદેસર હોય તો તેને ચૅલેન્જ કરી શકાય છે.

**પ્રશ્ન : Sub-Registrar પાસે વીલ Declare કરાવવાનું અને ત્યાર પછી તે વીલ Deposit કરવાનું.**

**ઉત્તર :** ઓપન વીલ પછીના સ્ટેજ પર જવું હોય તો વીલ કરનાર એટલે કે ટેસ્ટેડર વીલ સબ-રજિસ્ટ્રાર પાસે Declare પણ કરાવી શકે છે અને ડિક્લેર કરાવેલું વીલ Sub-Registrarમાં Deposite પણ કરી શકે છે. આ એક જાતનું ફૂલપ્રૂફ સોલ્યુશન છે. રજિસ્ટ્રેશન વખતે જેણે વીલ કર્યું હોય એણે પોતે જવું પડે છે. બે વિટનેસને હાજર રાખવા પડે છે. વીલ સબ-રજિસ્ટ્રાર પાસે Declare કરાવ્યા પછી તે Original વીલ Sub-Registrarને આપી દેવું પડે છે. આ રજિસ્ટ્રેશન કરાવ્યા પછી સબ-રજિસ્ટ્રાર તેની રસીદ આપે છે કે જે જેણે વીલ કર્યું હોય તેણે સાચવી રાખવું પડે છે. તેના ગુજરી ગયા પછી જ Sub-Registrar પાસે Depsoit કરેલું વીલ તેના Sub-Executorને પાછું મળે છે. ભવિષ્યમાં આમાં ફક્ત એક જ પ્રોબ્લેમ થઈ શકે કે. એક વખત Sub-Registrarમાં વીલ Depsoit કરી દીધું હોય અને ત્યાર પછી જો નવું વીલ કરવું હોય તો રજિસ્ટર્ડ કરેલું પહેલું વીલ પાછું ખેંચી લેવું પડે છે અને ત્યાર પછી જ નવું વીલ થઈ શકે છે. વીલ પર કોઈ જાતની Stamp Duty નથી ભરવી પડતી, પરંતુ Sub-Registrar પાસે રજિસ્ટર્ડ કરાવવાનું હોય તો તેની નોમિનલ ફી ભરવી પડે છે. Registration Act 1908ના સેક્શન 17 પ્રમાણે કયા કયા દસ્તાવેજો રજિસ્ટર્ડ કરાવવા પડે છે તેનું List આપવામાં આવેલું છે.

**રજિસ્ટ્રેશન Act 1908ના સેક્શન 17 પ્રમાણે વીલનું રજિસ્ટ્રેશન ફરજિયાત છે જ નહીં.**

સબ-રજિસ્ટ્રાર પાસે વીલ કરનાર વ્યક્તિ એટલે કે ટેસ્ટેડર તેની હયાતી દરમિયાન ગમે ત્યારે કરાવી શકે છે અને કોઈ કારણસર સંજોગો બદલાય તો જૂનું વીલ કૅન્સલ કરીને નવું વીલ Deposit કરાવી શકાય છે. કોઈ પણ વીલ કરનાર વ્યક્તિ જેને Sub-Registrar પાસે વીલ Deposit કરેલું હોય તેણે વીલના Executorને ખાસ કહી રાખવું. વીલ રજિસ્ટ્રાર પાસે વીલ Deposit કરાવેલું છે અને તેની રસીદ પણ તેની પાસે જ છે, કારણકે સબ-રજિસ્ટ્રાર રસીદના આધારે Executorને તે વીલ પાછું આપે છે. એક વખત Sub-Registrar પાસે વીલ Deposit કરાવેલું હોય અને જો કોઈ કારણસર નવું વીલ કરવું પડે તો તે નવું વીલ પણ Sub-Registrar પાસે Deposit કરવું advisory છે.

**પ્રશ્ન : વીલ કરતી વખતે કઈ વસ્તુનું ધ્યાન રાખવું?**

**ઉત્તર :** સામાન્ય રીતે Sub-Registrar પાસે વીલ Deposit કરાવવાની જરૂર ન હોય ત્યાં સુધી ન કરાવવું. ફક્ત બહુ જ મોટું કુટુંબ હોય અને તે કુટુંબમાં બાપદાદાની વારસાગતમાં ઘણી Movable કે Immovable પ્રૉપર્ટી હોય અને વીલ કરનાર વ્યક્તિની મોટી ઉંમર હોય અને તેના મનમાં ડર હોય કે તેના ગુજરી ગયા પછી કુટુંબમાં તેના વીલને લગતા મતભેદો પડશે તો જ વીલ Sub-Registrar પાસે Declare કરાવવું કે Deposit કરાવવું.

**પ્રશ્ન :** વીલ કરવા માટે બીજી નાની નાની કઈ વસ્તુનું ધ્યાન રાખવું.

**ઉત્તર :** સૌથી પહેલાં વીલ કરનાર વ્યક્તિના નામનો ૧૦૦ રૂપિયાનો Stamp Paper લેવો, કારણકે Stamp Paper પર તારીખ હોય છે એટલે એટલું તો સાબિત થઈ જાય કે વીલ Stamp Paper જે તારીખ છે ત્યાર પછીનું જ છે અથવા તો તે તારીખનું છે.

થઈ શકે તો વીલ Notary પાસે Declare કરાવવું.

વીલ નોટરી પાસે Declare કરાવવું ફરજિયાત નથી, પરંતુ વીલ નોટરી પાસે Declare કરાવેલું હોય તો વીલ કરનાર વ્યક્તિએ નોટરી કરનાર પાસે જઈને રજિસ્ટર્ડમાં સહી કરવી પડે છે. કોઈ પણ Advocate જ ફક્ત નોટરી થઈ શકે છે. તે એક જાતની જવાબદારીનું કામ છે. Notary તે વીલ પર Stamp લગાડે છે. Sel લગાડે છે. વીલ કરનાર વ્યક્તિની રજિસ્ટર્ડમાં સહી લે છે. બાકીના બે સાક્ષીઓ પણ તે વખતે વીલ પર Witness તરીકે સહી કરે છે. નોટરી કર્યાના ફીની રસીદ આપે છે. નોટરી પાસે વીલ Declare કરવાનો ફાયદો એ છે કે ભવિષ્યમાં વીલ કરનારની સહી સાચી છે કે નહીં તે સાબિત કરવું લગભગ અશક્ય થઈ જાય છે.

## શુભસંદેશ

- પિતાની ઝૂંપડી વચ્ચે, પુત્રો પાંચ સમાય છે, પુત્રોના પાંચ મહેલોમાં, પિતા એક સમાય ના!
- પુણ્યનો ઉદય હોય તો અજાણ્યાને ત્યાં પણ આવકારો મળે! પાપનો ઉદય હોય તો જાણીતાને ત્યાં પણ જાકારો મળે!
- પાપોદય જાગે તો સંતને પણ શૂળ મળે, પુણ્યોદય જાગે તો શેતાનને પણ ઇનામ મળે!
- ઘરમાં માણસને ક્યારેક એલોપથી, હોમિયોપથી કે નેચરોપથીની નહિ, પણ સિમ્પથી-સહાનુભૂતિની જરૂર હોય છે.
- ૧૪ માણસ પણ સાથે રહી શકે, જો પ્રેમ હોય તો અને ચાર માણસ પણ સાથે ન રહી શકે, જો વહેમ હોય તો!
- સમર્પણ હોય ત્યાં શરત ન હોય, શરત હોય ત્યાં સમર્પણ ન હોય!
- કોઈના ચારિત્ર પર આક્ષેપ એ મોટામાં મોટો આક્ષેપ છે, આવા આક્ષેપ જીવનમાં વિક્ષેપ સર્જે, સુખનો સંક્ષેપ કરે છે.
- જિનશાસન વ્યક્તિપ્રધાન નથી, ગુણપ્રધાન છે, માટે વ્યક્તિની નહિ, ગુણની પ્રશંસા તારે છે.

---


Bright Candle

Event Management

Email: **info@brightcandle.in** Visit: **www.brightcandle.in**

Bright Candle is a Mumbai based professional event management company specializing in social and them events. At Bright Candle of Events, we create unique, memorable events that you and your guests will appreciate for a lifetime.

**Our Services:**

- Wedding Planning & Execution
- Birthday Parties
- Anniversary Parties
- Family Reunions
- Religious Events
- Holiday Parties
- Theme Parties
- Baby Showers
- Graduation Parties and more....

**What will take care**

- Consultation
- Coordination/Planning
- Budget control
- Music/DJ
- Entertainment
- Caterers
- Venue
- Design and Décor
- Flowers
- Photography/Videographer
- Invitations
- Cake
- Beauty And more

Let's get your event at **Bright Candle** !
We look forward to hear from you!

**Bela Bhatt** 9821540063 **Jagruti Shah** 9819628788

ADVT.

# કળિકાળ

■ છાયા કોટીચા

**ભગવાનશ્રી કહ ગયે જગત સે, ઐસા કલયુગ આયેગા...**

રોજ સવારના ન્યૂઝપેપર ખોલો અને લૂંટ, મારધાડ, બળજબરી, ભ્રષ્ટાચાર અને એવા બધા સમાચારો વાંચીને મન નારાજ થઈ ગયું અને ત્યાં જ મારા હાથમાં છ આરાનો 'થોકડો' આવ્યો અને તેમાં પાંચમા અને છઠ્ઠા આરાની વાતો વાંચી મને મનમાં થયું કે આપણે જે હમણાં અનુભવીએ છીએ અને જોઈએ છીએ તે તો આપણા ભગવાનને પોતાના જ્ઞાનમાં હજારો વર્ષ પહેલાં દેખાઈ ગયું. પણ કેટલું બધું સત્ય છે આમાં. હજી તો પાંચમા આરાને છવ્વીસસો વર્ષ માંડ પસાર થયાં છે. પૂરાં ૧૭-૧૮ હજાર વર્ષ બાકી છે અને કળિયુગે પોતાની કમાલ દેખાડવાની શરૂ કરી દીધી. ભગવાને જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્રના વક્ષસ્કાર બેમાં જે જણાવ્યું તે આ પ્રમાણે છે. પાંચમા આરાનાં લક્ષણ બતાવતાં ૩૨ બોલ આ પ્રમાણે છે.

૧) મોટાં નગર તે ગામડાં સરખાં થશે.

૨) ગામડાં તે સ્મશાન સરખાં થશે.

૩) ઊંચાં કુળનાં સંતાનો તે દાસ, દાસી સરખાં એટલે કે નીચા કુળનાં થશે.

૪) પ્રધાનો લાલચુ થશે.

૫) રાજાઓ યમદંડ સરખા થશે.

૬) સારા કુળની સ્ત્રી તે લજ્જારહિત થશે.

૭) સારા કુળની સ્ત્રી તે વેશ્યા સરખી થશે.

૮) પુત્રો પોતાના છંદે, મરજી મુજબ, સ્વતંત્ર ચાલશે.

૯) શિષ્ય, ગુરુના અવર્ણવાદ બોલશે.

૧૦) દુર્જન લોક સુખી થશે.

૧૧) સજ્જન લોકો દુઃખી થશે.

૧૨) દુર્ભિક્ષ, દુકાળ ઘણાં પડશે.

૧૩) ઉંદર, સર્પાદિની દાઢ ઘણી થશે.

૧૪) બ્રાહ્મણો અર્થના લોભી થશે.

૧૫) હિંસાએ ધર્મ પ્રવર્તાવનાર ઘણા થશે.

૧૬) એક ધર્મના ઘણા ભેદ થશે.

૧૭) મિથ્યાત્વી દેવ ઘણા થશે.

૧૮) મિથ્યાત્વી લોકો ઘણા થશે.

૧૯) માણસને દેવદર્શન દુર્લભ થશે.

૨૦) વૈતાઢ્ય પર્વતની શ્રેણીમાં રહેતા વિદ્યાધરના વિદ્યાપ્રભાવ થોડા રહશે.

૨૧) દૂધ, દહીં, ઘીમાં પૌષ્ટિકતા/સારાપણું થોડું રહેશે.

૨૨) બળદ, પ્રમુખનાં બળ, આયુષ્ય થોડાં રહેશે.

૨૩) સાધુ-સાધ્વીજીને માસકલ્પ તથા ચોમાસું કરવા જેવા ક્ષેત્ર થોડાં રહેશે.

૨૪) શ્રાવકની અગિયારમી પ્રતિમા તથા સાધુની બાર પ્રતિમા વિચ્છેદ થશે.

૨૫) ગુરુ શિષ્યને ભણાવશે નહિ.

૨૬) શિષ્ય અવિનીત, ક્લેશી થશે.

૨૭) અધર્મી, ક્લેશી, ઝઘડાખોર, કુમાણસ ઘણા થશે અને સુમાણસ થોડા થશે.

૨૮) આચાર્ય પોતપોતાના ગચ્છની પરંપરા, સમાચારી જુદી-જુદી પ્રવર્તાવશે તથા મૂઢ, મૂર્ખ માણસને મોહ, મિથ્યાત્વના પાશમાં નાખશે, ઉત્સૂત્ર ભાખશે. નિંદનીક, કુબુદ્ધિક ઘણા થશે, પોતપોતાની પરંપરામાં રાચશે.

૨૯) સરલ, ભદ્રિક, ન્યાયી, પ્રામાણિક પુરુષ થોડા રહેશે.

૩૦) મ્લેચ્છ (અનાર્ય)નાં રાજ્ય ઘણાં થશે.

૩૧) હિંદુનાં રાજ્ય અલ્પ ઋદ્ધિવાળાં અને થોડાં રહેશે.

૩૨) મોટા કુળના રાજા તે નીચ કામ કરશે. અન્યાય, અધર્મ તથા કુવ્યસનમાં ઘણા રાચશે.

એ આરાને વિશે ધન સર્વ વિચ્છેદ જશે. લોઢાની ધાતુ રહેશે. ચામડાની મહોરો હશે તે ધનવંત કહેવાશે. એ આરાને વિશે એક ઉપવાસ, તે માસક્ષમણ સરખો લાગશે.

એ આરાને વિશે જ્ઞાન સર્વે વિચ્છેદ જશે. ફક્ત 'દશવૈકાલિક સૂત્ર'નાં પહેલા ચાર અધ્યયન રહેશે. તેના આધારે ચાર જીવ સંથારો કરીને એકાવતારી થશે. તે ચાર જીવનાં નામ ૧) દુપસહ નામે આચાર્ય ૨) ફાલ્ગુની નામે સાધ્વી ૩) જિનદાસ નામે શ્રાવક ૪) નાગશ્રી નામે શ્રાવિકા.

અષાઢ સુદ પૂનમ (૧૫)ને દિવસે શક્રેન્દ્રનું આસન ચલાયમાન થશે, ત્યારે શક્રેન્દ્ર ઉપયોગ મૂકીને જોશે કે આજે પાંચમો આરો ઊતરીને કાલે છઠ્ઠો આરો બેસશે. તેઓ આવીને ચાર જીવને કહેશે કે કાલે છઠ્ઠો આરો બેસશે, માટે આલોવી, પડિક્કમિ, તિંદી, નિઃશલ્ય થાઓ. તેથી તે ચાર જીવો તે પ્રમાણે કરી સર્વને ખમાવી, નિઃશલ્ય થઈ સંથારો કરશે. તે વખતે સંવર્તક, મહાસંવર્તક નામે વાયરો થશે.

તે કાળમાં દિશાઓ નિરંતર ધૂળવાળી રહેશે, રજકણ અને ધૂળથી ભરેલી દિશાને કારણે આગળ કંઈ દેખાશે નહિ. અંધકારને કારણે પ્રકાશશૂન્ય થઈ જશે. કાળની રૂક્ષતાને કારણે ચંદ્રથી અસહ્ય ઠંડી પડશે અને સૂર્ય અત્યંત તપશે. ત્યાર પછી ૧૦ પ્રકારનો મેઘ વરસશે.

૧) અરસ મેઘઃ રસ વગરનો મેઘ.

૨) વિરસ મેઘઃ વિપરીત રસવાળો મેઘ.

૩) ક્ષાર મેઘ : ક્ષાર સમાન પાણીવાળો મેઘ

૪) ખાટો મેઘઃ

૫) અગ્નિ મેઘ : આગ વરસાવતો મેઘ.

૬) વિદ્યુત મેઘઃ

૭) વિષ મેઘઃ ઝેરી પાણીનો મેઘ.

૮) વ્યાધિ મેઘ : વિવિધ પ્રકારના રોગોથી વેદના ઉત્પન્ન કરાવતો મેઘ.

૯) જલ મેઘ : દુષિત જલયુક્ત મેઘ

૧૦) અપ્રિય મેઘ : સતત જોરદાર, અનરાધારે વરસતો મેઘ વરસશે.

તેણે કરી પહાડ, પર્વત, ગઢ, બેટ, કૂવા, વાવ, સર્વ સ્થાનક વિસરાલ થશે. માત્ર (૧) વૈતાઢય પર્વત (૨) ગંગા નદી (૩) સિંધુ નદી (૪) ઋષભકુટ પર્વત (૫) લવણની ખાડી, એ પાંચ સ્થાનક રહેશે. બીજાં સર્વ સ્થાનક તૂટી પડશે. તે ચાર જીવ સમાધિ પરિણામે કાળ કરીને પહેલા દેવલોકે જશે, ત્યારે ચાર બોલ વિચ્છેદ જશે. ૧) પહલે પહોરે જૈન ધર્મ વિચ્છેદ જશે ૨) બીજે પ્રહરે મિથ્યાત્વનો ધર્મ વિચ્છેદ જશે ૩) ત્રીજે પ્રહરે રાજનીતિ વિચ્છેદ જશે ૪) ચોથે પ્રહરે બાદર અગ્નિ વિચ્છેદ જશે.

### છઠ્ઠો આરો

પાંચમો આરો ઊતરીને છઠ્ઠો આરો બેસશે ત્યારે વર્ણ ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંતઅનંત હીણાં થાય. એ આરો ૨૧૦૦૦ વર્ષનો જાણવો. એ આરો દુઃષમ દુઃષમ નામે જાણવો. એટલે એ આરો ઘણો ભયંકર, ઘણો ત્રાસદાયક જાણવો. બેસતાં આરે બે હાથની અવગાહના (હાઈટ જેવું જ) ઊતરતે આરે એક હાથની અવગાહના હોય. બેસતાં આરે ૨૦ વર્ષનું આયુષ્ય, ઊતરતાં આરે ૧૬ વર્ષનું આયુષ્ય, એ આરામાં શરીરમાં આઠ પાંસળી ઊતરતાં આરે ચાર પાંસળી છેવટું સંઘયણ અને હૂંડ સંસ્થાન. ધરતીના રસ-કસ રાખ જેવા જાણવા. છ વર્ષની બાળકી ગર્ભધારણ કરશે. તે કાળાં, કુદર્શની, રોગી, રિસાળ, નખ અને કેશ ઘણાં એવાં છોકરાં પ્રસવશે. તે કૂતરીની પેઠે પરિવાર સાથે ફેરવશે. એ આરાને વિશે ગંગા અને સિંધુ નદીમાં વૈતાઢય પર્વતના મૂળમાં ૭૨ બિલ (ગુફા) હશે. તેમાં મનુષ્ય, તિર્યંચ, પક્ષી બીજ માત્ર (જાતિના અંશરૂપે થોડાક) હશે. તે નદીનો પટ ૬૨।। યોજનનો છે. તેમાં રથના ચીલા (બે પૈડાં વચ્ચેના અંતર) જેટલું જ ઊંડું પાણી રહેશે. તેમાં મચ્છ, કચ્છ ઘણા થશે. તે ૭૨ બિલના મનુષ્યો સાંજે અને સવારે મચ્છ, કચ્છ કાઢીને રેતીમાં શેકશે. સૂર્ય ઘણો તપશે, ટાઢ ઘણી પડશે, તેથી સીઝવાઈ રહેશે અને તેનો મનુષ્ય આહાર કરશે. તેનાં હાડકાં, ચામડાં, તિર્યંચ ચાટીને રહેશે. મનુષ્યના માથાની ખોપરીમાં પાણી લાવીને પીશે. ગતિ પ્રાયઃ નરક અને તિર્યંચ હશે એ રીતે ૨૧૦૦૦ વર્ષ પૂરાં કરશે.

જે માણસ દાન, પુણ્ય રહિત તેમ જ નમસ્કાર મંત્ર રહિત, પ્રત્યાખ્યાન રહિત, સમકિત વિનાનો હશે તે આવા છઠ્ઠા આરાને વિશે આવીને ઊપજશે. એવું જાણી જે કોઈ મનુષ્ય જૈન ધર્મ પાળશે અથવા જૈન ધર્મની શ્રદ્ધા રાખશે તે જીવ આ ભવસાગરમાંથી તરીને સુખ પામશે.

## અહોભાવ

શ્રી જૈન જાગૃતિ સેન્ટરના ટ્રસ્ટીઓ,
પદાધિકારીઓ તથા દાતાઓ.

લિ. પ્રતિભા ભરતકુમાર શાહના પ્રણામ.

એક દીવો, જ્યોતથી જ્યોત મિલાવી અનેક દીવા પ્રગટાવે છે અને અંધારાં દૂર કરે છે. એક હૂંફ કોઈની થીજી ગયેલી ચેતનાને વાચા આપે છે. એક આધાર અનેકના આધારનો પાયો બનીને જિંદગીની સફળ કેડી કંડારે છે અને એ જ કાર્ય આપશ્રીએ કર્યું છે.

એક બીજને વિકસવું છે, પાંગરવું છે, પરોપકાર કરવો છે, સૃષ્ટિનો શણગાર બનવું છે, પરંતુ માટી અને પાણીનાં સંયોજન અને માળીનાં જતનની પ્રતીક્ષા કરે છે. આપ એ કેટલાય જ્ઞાનપિપાસુઓની પ્યાસ બુઝાવો છો. એક પથ્થરને પ્રતિમા બનવું છે, ટાંકણથી ટંકાવા તૈયાર છે, પણ કુશળ શિલ્પી જ એ કરી શકે અને એ કાર્ય આપ કરો છો.

અમારી દીકરી નિધિના ઉજ્જ્વળ ભવિષ્યનો આપ આધાર બન્યા છો. અમને સ્વપ્ને પણ ખયાલ નહોતો કે અમારી નિધિ Com. એન્જિનિયર બની જશે, પણ અમારી આશા પૂર્ણ થઈ છે.

આ જ રીતે સમાજઉપયોગી કાર્ય કરી દૃઢ, સુદૃઢ, સ્વસ્થ અને સંસ્કારી સમાજનું નિર્માણ કરો. પરમકૃપાળુ પરમાત્મા આપ સર્વને ખૂબ ખૂબ શક્તિશાળી બનાવે

*એ જ - પ્રતિભા ભરતકુમાર શાહ-ટાણાવાળા*
*પરિવારના જય જિનેન્દ્ર*

# BIO-DATA

**JAY SHAH**

**E-mail: jay8900@gmail.com**



| | | |
|---|---|---|
| **Residence** | : | 1501/A, Shilp Tower, Opp. Jain Mandir,<br>N. M. Joshi Marg, Lower Parel,<br>Mumbai - 400 013. |
| **E-MAIL** | : | indirashah123@gmail.com |
| **Name** | : | Jay Harendra Shah |
| **Date of Birth** | : | 30th October 1984 (6.53 pm Ahmedabad) |
| **Height** | : | 5’-10’’ |
| **Education** | : | Masters of Science in Electronic Engineering (Networking) from University of Bridgeport, U S A<br>Bachelor of Engineering in Electrical from V. D. Patil University of Mumbai |
| **Work Experience** | : | Tech Mahindra – Andheri, Mumbai (Working as System Admin)<br>Wells Fargo Bank – Phoenix, Arizona (System Admin)<br>AT & T – Dallas, Texas (System Admin) |

**FAMILY DETAILS :**

| | | |
|---|---|---|
| **Caste** | : | Shri Goghari Visha Shrimali Jain |
| **Native** | : | Mahuva |
| **Grandfather** | : | Late Shri Kantilal Kalyanji Shah |
| **Father** | : | Harendra Kantilal Shah (Mob: 9820252596) |
| **Mother** | : | Indira Harendra Shah (Mob: 9702284500) |
| **Brother** | : | Anal Harendra Shah (Mob: 9819766658)<br>Married to Vidhi : D/o Atul B. Gandhi (Bhavnagar) Presently in Mumbai |
| **Sister** | : | Janvi Harendra Shah (Studying BAF) |
| **Mosal** | : | Arvind J. Shah (Ahmedabad) |
| **Office Address** | : | Modern Estate : Real Estate Consultant<br>Regd. offi.: 71/1 Jahangir Mansion, opp. Sukh Sagar, Chowpatty, Mumbai-400 007.<br>Branch offi.: 106, Pragati Ind. Est., 316, N. M. Joshi Marg, Lower Parel (East), Mumbai-400 011. |

ADVT


